RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૪૫ તા.૧–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કે.એ.ઘીવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.એ.ઘીવાલાની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી વોર્ડ નં. ૧૨/ ૧૩૫૨ પૈકીમાં રીપેરીંગ કરવામાં આવેલા ટેનામેન્ટની આરટીઆઈ હેઠળ માંગેલ માહિતી જે નીચે મુજબની બે અલગ અલગ તારીખે મળેલ જવાબોમાં વિરોધાભાસ છે તો બંને આવેલ માહિતીમાં સાચે માહિતી કઈ તારીખની અને ખોટી માહિતી કઈ તારીખની છે તે માહિતી આપવા બાબતે મુદ્દા નં.(૧) વોર્ડનં. ૧૨/૧૩૫૨ પૈકીમાં છેલ્લા ૫ વર્ષ દરમ્યાનમાં થયેલ એકજ ટેનામેન્ટની આપના ખાતા ધ્વારા આપેલ માહિતી તા. ૨૪–૧૧–૧૦ના જવાબ પત્ર નં. ૧૩૧તા. ૨૧–૧–૧૧ ના અનુક્રમ નં.–૫માં જણાવેલ છે કે છેલ્લા ૫ વર્ષમાં આકારણી દફતરે થયેલ નોંધ મુજબ ટેનામેન્ટ નં.૧૨A-૧૫-૦૯૩૧-૦-૦૧૧ થી નોંધાયેલ મિલકતમાં ભાડુત સરદારખાં કાસમખાનું નામ કમી થતાં તે મિલકતના કાચા બાંધકામને રીપેર કરી ગર્ડર ચેનલવાળું ભોંયતળીયાનું બાંધકામ કર્યા હોવાનું જણાય છે તે સિવાય અન્ય રીપેરીંગની માહિતી આકારણી દફતરે નોંધાયેલ નથી(આ કાચુ બાંધકામ ૧૨×૧૨ ફુટનું હતું) વિ. મુદ્દા નં.(૧)થી(૩)ની માાહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૪૫/૨૦૧૧–૧૨

શ્રી કે.એ.ઘીવાલાની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી વોર્ડ નં. ૧૨ / ૧૩૫૨ પૈકીમાં રીપેરીંગ કરવામાં આવેલા ટેનામેન્ટની આરટીઆઈ હેઠળ માંગેલ માહિતી જે નીચે મુજબની બે અલગ અલગ તારીખે મળેલ જવાબોમાં વિરોધાભાસ છે તો બંને આવેલ માહિતીમાં સાચે માહિતી કઈ તારીખની અને ખોટી માહિતી કઈ તારીખની છે તે માહિતી આપવા બાબતે મુદ્દા નં.(૧) વોર્ડનં. ૧૨/૧૩૫૨ પૈકીમાં છેલ્લા ૫ વર્ષ દરમ્યાનમાં થયેલ એકજ ટેનામેન્ટની આપના ખાતા ધ્વારા આપેલ માહિતી તા. ૨૪–૧૧–૧૦ના જવાબ પત્ર નં. ૧૩૧તા. ૨૧–૧–૧૧ના અનુક્રમ નં.–૫માં જણાવેલ છે કે છેલ્લા ૫ વર્ષમાં આકારણી દફતરે થયેલ નોંધ મુજબ ટેનામેન્ટ નં.૧૨A-૧૫-૦૯૩૧-૦-૦૧૧ થી નોંધાયેલ મિલકતમાં ભાડુત સરદારખાં કાસમખાનું નામ કમી થતાં તે મિલકતના કાચા બાંધકામને રીપેર કરી ગર્ડર ચેનલવાળું ભોંયતળીયાનું બાંધકામ કર્યા હોવાનું જણાય છે તે સિવાય અન્ય રીપેરીંગની માહિતી આકારણી દફતરે નોંધાયેલ નથી(આ કાચુ બાંધકામ ૧૨×૧૨ ફુટનું હતું) વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માાહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ના પત્ર નં. સીઝેડ / આરટીઆઈ / આઉટ / ૧૪૨૯ તા. ૦૪–૧૧–૧૧થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગત નકલ સહ તથા સરખી માહિતી અગાઉ આપવાના સંદર્ભ પણ નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૩૨ તા.૧૪–૧૨–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને(જે)મુજબ દફતરી માહિતી આપ્યાનું જણાય છે છતાં નારાજગીના આધાર, મુળ અરજીથી માંગેલ માહિતી, ફીની વિગત સહ સ્પષ્ટ કરવા તથા મુદ્દા નં.૩ની માહિતી ફી ભરીને મેળવેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૪૭ તા.૨૯–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૪૨૯ તા.૪–૧૧–૧૧ ના પત્રની નકલ, તથા પત્ર નં.એઆરડી/૨૪૬ તા.૨–૧–૧૨ નો પૂરક પત્ર અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી વોર્ડ નં. ૧૨ / ૧૩૫૨ પૈકીમાં રીપેરીંગ કરવામાં આવેલા ટેનામેન્ટની આરટીઆઈ હેઠળ માંગેલ માહિતી જે નીચે મુજબની બે અલગ અલગ તારીખે મળેલ જવાબોમાં વિરોધાભાસી છે તો બંને આપેલ માહિતીમાં સાચી માહિતી કઈ તારીખની અને ખોટી માહિતી કઈ તારીખની છે તે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૪૨૯ તા.૪–૧૧–૧૧ અરજદારને મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ. મુદ્દા નં.(૧) વોર્ડનં. ૧૨/૧૩૫૨ પૈકીમાં છેલ્લા ૫ વર્ષ દરમ્યાનમાં થયેલ એકજ ટેનામેન્ટની આપના ખાતા ધ્વારા આપેલ માહિતી તા. ૨૪–૧૧–૧૦ના જવાબ પત્ર નં. ૧૩૧તા. ૨૧–૧–૧૧ના અનુક્રમ નં.–૫માં જણાવેલ છે કે છેલ્લા ૫ વર્ષમાં આકારણી દફતરે થયેલ નોંધ મુજબ ટેનામેન્ટ નં.૧૨A-૧૫-૦૯૩૧-૦-૦૧૧ થી નોંધાયેલ મિલકતમાં ભાડુત સરદારખાં કાસમખાનું નામ કમી થતાં તે મિલકતના કાચા બાંધકામને રીપેર કરી ગર્ડર ચેનલવાળું ભોંયતળીયાનું બાંધકામ કર્યા હોવાનું જણાય છે તે સિવાય અન્ય રીપેરીંગની માહિતી આકારણી દફતરે નોંધાયેલ નથી(આ કાચુ બાંધકામ ૧૨×૧૨ ફુટનું હતું) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૨/૧૩૫૨ વાળી મિલ્કત પૈકી ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ થી નોંધાયેલ મિલ્કતમાં ભાડુત સરદારખા કાસમખાનું નામ કમી થતાં તેમના રૂમનું માપ (૧૨×૧૨) ટ્રસ્ટનો કબ્જા/ ભોગવટાવાળા ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ માં આમેજ કરી તે જ મિલ્કતમાં ગર્ડર ચેનલવાળું રીપેરીંગ કરી બાંધકામ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) જયારે તા.૨૫–૮–૧૧ ના આરટીઆઈ હેઠળ માંગેલ માહિતી ના જવાબ પત્ર નં.૧૧૭૯ તા.૩૦–૯–૧૧ માં માહિતીના ક્રમ નં.૩ માં જણાવેલ છે કે મિલ્કત ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ નું ગર્ડર ચેનલવાળુ બાંધકામ કરેલ છે. તો તા.૨૧–૧–૧૧ ની અને ૩૦–૯–૧૧ ની માહિતી આપેલ તેમાં સાચી માહિતી કઈ તારીખની છે અને ખોટી માહિતી કઈ તારીખની છે તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૫–૮–૧૧ થી માંગેલ માહિતીના જવાબમાં પત્ર નં.૧૧૭૯ તા.૩૦–૯–૧૧ થી ક્રમ નં.૩ માં આપેલ માહિતી તથા તા.૨૧–૧–૧૧ એઆરડી/૧૩૧ થી આપેલ મુદ્દા નં.૫ થી આપેલ માહિતી મુજબ સદર બંને માહિતીઓ સાચી જ છે. કારણ કે ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ થી ભાડુત સરદારખા કાસમખાનું નામ કમી થતાં તેમનો રૂમ (૧૨×૧૨) નું માપ ટ્રસ્ટનો કબ્જા/ ભોગવટાવાળા ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ માં મર્જ કરી સદર મિલ્કતને રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળું બાંધકામ કરવામાં આવેલ છે. (૩) આરટીઆઈ હેઠળ માંગેલ માહિતીના જવાબ પત્ર નં.૧૧૭૯ તા.૩૦–૯–૧૧ માં જવાબની પૂર્તતા ૨ માં જણાવેલ છે કે અત્રેનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં રીપેરીંગની જાણ કરતી અરજી તા.૨૭–૩–૦૮ ના રોજ આવેલ હતો તેમાં રીપેરીંગ કરવાનું છે તેમ લખેલ છે તા.૨૭–૩–૦૮ પછી રીપેરીંગ કરેલ છે તેમ આવેલ અરજી ઉપરથી ફલિત થાય છે એટલે કે તા.૨૭–૩–૦૮ ના આવેલ અરજી પહેલા રીપેરીંગ કરી શકાય નહી જાણકારી આપવા અરજ છે (આ માંગેલ માહિતી સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી છે. ) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે. અભિપ્રાય આપવાનો રહેતો નથી. વધુમાં રીપેરીંગ અંગે સા.સ. ઠ. નં.૨૩ તા.૧૯–૪–૭૯ સામાન્ય પ્રકારના નાના કામો માટે નીતિ નિયમો નકકી કરેલ છે જેની નકલના રૂા.૪/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે ૧૨/૧૩૫૨ વાળી મિલ્કતમાં તા.૨૪–૧૨–૧૦ ની માહિતી આપેલ તેમાં ૧૨×૧૨ ફુટનુ હતું તેવી માહિતી તા.૨૪–૧૨–૧૦ થી આપેલ છે અને મર્જ કરવાની માહિતી છુપાવેલ છે. સદર સંદર્ભે અરજદારે તા.૨૪–૧૨–૧૦ થી માહિતી આપેલ નથી પરંતુ ૨૪–૧૨–૧૦ થી માહિતી માંગેલ છે જેની માહિતી એઆરડી/૧૩૧ તા.૨૧–૧–૧૧ થી આપેલ છે. જેમાં અરજદારની રીપેરીંગ બાબતેની ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ જણાવેલ છે અને તે સિવાય કોઈ ટેના. નંબર રીપેર થયેલ છે તેવું મુદ્દા નં.૫ થી આપેલ માહિતીમાં જણાવેલ છે. ત્યાર બાદ ૨૫–૮–૧૧ ની અરજીનો જવાબ તા.૩૦–૯–૧૧ ના રોજ ક્રમ નં.૩ માં જણાવેલ છેતેમાં ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ ગર્ડર ચેનલવાળુ બાંધકામ કરેલ છે જેમાં ૧૫×૧૮ ફુટ ૫×૮ અને ૧૨×૧૨ ' આ બંને માહિતી સાચી કઈ? તે બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં મિલ્કતના ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧,૦૧૪,૦૨૦,૦૨૨ વાળા ભાડુત ખાલી કરી ગયા બાદ સદર જગ્યાનેટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ સાથે એટલે કે સેલ્ફ વાળી એન્ટ્રીમાં મર્જ કરવામાં આવેલ છે. તેનો તુમાર એફડીટી નં.૭૦ તા.૪–૧–૦૭ ની નકલો પણ અરજદારને આપવામાં આવેલ છે. ત્યાર બાદ એફ.ડી.ટી નં.૧૭૪ તા.૨૭–૮–૦૭ થી બે નવા ભાડુત ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૦, ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૧ પર દાખલ કરવામાં આવેલ છે. અને વધારાનું બાંધકામ ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૨ પર દાખલ કરી બાકી રહેલ જગ્યા અંગે સર્વેયર સ્થળ તપાસના રીપોર્ટ મુજબ જગ્યા પર પાકુ બાંધકામ થયેલ નથી. પરંતુ કાચા બાંધકામને રીપેરીંગ કરી ચેનલવાળુ ભોંયતળીયાવાળુ બાંધકામ કરવામાં આવેલ છે એવી માહિતી અરજનદારને આપવામાં આવેલ છે. અરજદારને સદર સર્વેયરશ્રીના સ્થળ તપાસ રીપોર્ટની નકલ પણ આપવામાં આવેલ છે. આમ અરજદારને ખોટી માહિતી આપવાનો કોઈ સવાલ ઉભો થતો નથી. તેમ છતાં અરજદાર મ્યુ. દફતરોનું ઈન્સ્પેકશન કરી જવા પણ જણાવવામાં આવેલ છે પરંતુ તેઓ ઈન્સ્પેકશન માટે આવેલ નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને સદર મિલ્કતના તમામ ટેનામેન્ટની સ્થળ પરિસ્થિતિ સહિતની માહિતી પૂરી પાડી તપાસણીનો પ્રસ્તાવ પણ જાહેર માહિતી અધિકારી તરફથી કરવામાં આવેલ છે.

અરજદારને અપીલ તબકકે પત્ર પાઠવી જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી માહિતી પૂરી પાડયાનું જણાય છે છતાં નારાજગીના આધાર, મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ની વિગત સહ સ્પષ્ટ કરવા તક આપવા છતાં કોઈ રજૂઆત કે બચાવ મળેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર ઈન્સ્પેકશન કરી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતીની તપાસણી કરવા સ્વતંત્ર છે. જે માટે અરજદારે આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫(૨) હેઠળ નિર્ધારિત ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરવાની રહેશે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી કે.એ.ઘીવાલા,